ભાજપ સંગઠ્ઠનની સૂચના કોઈએ વાંધા લેવા નહિ

કાર્યકરોમાં સીમાંકનને લઈ ભારે અસંતોષ કોંગી આગેવાનો વાંધા લેવામાં અગ્રેસર

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા-તાલુકા પંચાયતના સીમાંકન અંગે ભાજપમાં પણ ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે પરંતુ શિસ્તને આગળ કરી કાર્યકરોને વાંધા રજુ નહિ કરવાની સૂચનાઓ સંગઠ્ઠન દ્વારા અપાતાં ભાજપના કાર્યકરો મૌન બની ગયા છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા સીમાંકન માટે કહી ખુશી કહી ગમનો માહોલ છે. જો કે તાલુકા જિલ્લા પંચાયતના સીમાંકન અંગે વાંધા રજુ કરવામાં પંચાયતના આગેવાનો, સામાજિક આગેવાનો આગળ આવ્યા છે. કેટલીક બેઠકો પર ભૌગોલિક સીમાંકન અને સામાજિક સંતુલન વિવાદાસ્પદ બનતાં સામાજિક આગેવાનોને મોરચો સંભાળવાની ફરજ પડી છે.

સીમાંકનને લઈ ભાજપમાં મોટી ભાંજગડ ઉભી થઈ છે. કાર્યકરોને શિસ્તના નામે કંઈપણ જાહેરમાં ચર્ચા કરવાની મનાઈ તેમજ વાંધા નહિ રજુ કરવાની સૂચના અપાતાં કાર્યકરોમાં રોષ ઉભો થયો છે.

ભાજપના કાર્યકરો ખાનગીમાં એવો ભય વ્યક્ત કરી રહ્યા છે કે જો આ સીમાંકન આખરી હોય તો કોંગ્રેસ સતત ચોથીવાર પંચાયત જીતવામાં સફળ થશે અને તેના વિજયને નાથવો શક્ય નથી.

અધિકારીઓને બઢતી

ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (સિનિયર સ્કેલ)ના ૧૧ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે અને તેમને ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (સીલેક્શન સ્કેલ)માં મુકી દેવામાં આવ્યા છે.

નામ	હાલનો હોદ્દો
ડી. એ. શાહ	રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર, કચ્છ-ભુજ
એન.એ. પટેલ	ડેપ્યુટી કમિશનર, વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ, ગાંધીનગર
એમ. આઈ. પટેલ	કન્ટ્રોલર, લિગલ મેટ્રોલોજી, ગાંધીનગર
વી. જે. રાજપૂત	ડાયરેક્ટર ડિસ્ટ્રીક્ટ રુરલ ડેવલપમેન્ટ એજન્સી મહેસાણા
ડી. એચ. શાહ	પીએસ ટુ મિનિસ્ટર, ટ્રાન્સપોર્ટ, વોટર સપ્લાઈઝ, એમ્પ્લોઈમેન્ટ ક્ષ લેબર, ગાંધીનગર
બી.પી. ચૌહાણ	ડાયરેક્ટર, ડિસ્ટ્રીક્ટ રુરલ ડેવલપમેન્ટ એજન્સી કચ્છ-ભુજ
એસ.એમ. ખતાણા	ડાયરેક્ટર, ડિસ્ટ્રીક્ટ રુરલ ડેવલપમેન્ટ એજન્સી સુરેન્દ્રનગર
આર.આર. રાવલ	ડાયરેક્ટર, ડિસ્ટ્રીક્ટ રુરલ ડેવલપમેન્ટ એજન્સી દાહોદ
બી.કે. પંડ્યા	એડિશનલ કલેક્ટર, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી, ગાંધીનગર
પી.બી. બ્રહ્મભટ્ટ	ડાયરેક્ટર, ડિસ્ટ્રીક્ટ રુરલ ડેવલપમેન્ટ એજન્સી પોરબંદર
જી.એચ. ખાન	ચીફ એક્ઝ્યુટીવ ઓફિસર, વક્ફ બોર્ડ ગાંધીનગર

'યોગ અને ભાવિ' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

સે. ૨૩ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સ્થિત એ.એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે એન.એસ.એસ. યુનિટ દ્વારા યોગ દિવસ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. 'વર્તમાન જીવન શૈલીમાં યોગનું મહત્વ' તેમજ 'યોગ અને ભાવિ' વિષય પર યોજાયેલ સ્પર્ધામાં કોલેજના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે અંજલિ પટેલ, દ્વિતિય ક્રમે રાધિકા રંગાણી અને તૃતિય ક્રમે મેઘા ધુમાલીયા રહી હતી.

શબ્દાવલી - ૫૭૬૬



આડી ચાવી

૧. ઋતુ (૩)
૩. જે વર્ષમાં ફેબ્રુઆરી માસના ૨૯ દિવસ હોય તેવું ઇ.સ. નું વર્ષ (૪)
૬. શાંતિ, ધીરજ (૪)
૮. વાવવાનું બી માટે રાખેલ અનાજ (૪)
૧૦. ઘુંઘટ, બુરખો (૩)
૧૨. વાસ્તે, ઓલે (૨)
૧૪. ભરોસો, આશરે (૩)
૧૫. ખ્રિસ્તીઓનો તહેવાર (૩)
૧૭. સાક્ષી, ઝાડ પર પાકેલ ફળ (૨)
૨૦. ધાતુનો લાગતો વધારાનો મેલ (૨)
૨૨. પક્ષ લેવો તે (૫)
૨૫. વિમાનના ઉડાન-ઉતરાણ [redacted]ની દોડપટ્ટી
[redacted] મુશ્કેલ, કઠિન અં[redacted]

ઊભી ચાવી

૧. એક ફળ, બિમાર માણસને... રસ અપાય (૩)
૨. એક સમાજસેવિકા જેને 'મા'નું બિરુદ મળ્યું હતું (૬)
૩. હોઠને અંગ્રેજીમાં... કહેવાય(૨)
૪. પડતી, અવનતિ (૩)
૫. હિજરી સનનો સાતમો મહિનો (૩)
૭. રેતનું મેદાન (૨)
૯. એક વાહન, મોટર સાઇકલ(૩)
૧૧. કુશળ, હોંશિયાર (૩)
૧૩. પલળેલા (૨)
૧૪. સહયોગ (૪)
૧૬. વખાણ, ... કરું કયાં ઉસકી જીસને તુમ્હેં બનાયા (૩)
૧૮. પત્ર, લેટર, કાગળ (૨)
૧૯. ઇનામદાર (૩)
૨૧. ૨૦ મણનું માપ (૨)
૨૩. હઠ, આગ્રહ (૨)
૨૪. નખ્ખોદ, સત્યાનાશ (૨)

શબ્દાવ[redacted]કપના જવાબ

[redacted]ી ચાવી :- (૧) [redacted] ચકમક (૬) રસમલાઇ (૭) રીલીફ ([redacted]કઇ (૧૧) વીંતાડ[redacted]ધી (૧૩) મોગરી (૧૪) અતી (૧૫) [redacted]સી (૧૭) ફર્ટીલાઇ[redacted]મજૂર (૨૧) લોપ
[redacted]ી ચાવી :- (૧) [redacted] ગીરફતારી (૩) ચમકવું (૪) કલાઇ ([redacted]મઇ (૮) લીવીંગ સ[redacted]ધી (૧૨) ખાતરી (૧૪) અનાર (૧૫) [redacted] (૧૬) સીરપ (૧૭[redacted]) લાખ (૧૯) ઇજૂ

આજે ગુરૂકુળ શાળાના પ્રાંગણમાં ૩૦૦૦ વિદ્યાર્થીઓ યોગ કરશે

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા નેબરહુડ યુથ પાર્લામેન્ટ અંતર્ગત યોગ પ્રશિક્ષક દ્વારા નિદર્શન-તાલીમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની સ્વામીનારાયણ ગુરૂકુળ શાળાના સેક્ટર-૨૨ અને સેક્ટર-૨૩ના કેમ્પસમાં નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ નિદર્શન અને તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આ ઉજવણીમાં ઉત્સાહભેર મોટી સંખ્યામાં સામેલ થવા નહેરુ યુવા કેન્દ્ર દ્વારા અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમ સવારે ૬.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શાળાના આશરે ૩૦૦૦ વિદ્યાર્થીઓ જોડાશે. યોગાચાર્ય રામસ્વરૂપ સ્વામી, યોગ શિક્ષક અનલબેન રાવલ તથા ધર્મેન્દ્રસિંહના માર્ગદર્શનમાં યોગ યોજાશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની તા. ૨૭મી સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ મળેલ ૬૯મી સામાન્ય સભામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા કરેલ અપીલને તમામ સભ્ય રાષ્ટ્રોએ વધાવી લીધી હતી અને તા. ૨૧મી જૂનને યોગ દિવસ જાહેર કર્યો જે આપણા માટે ગૌરવની વાત છે. યોગ એ પ્રાચીન ભારતની પરંપરા દ્વારા મળેલ અમુલ્ય ભેટ છે. જેમાં આરોગ્ય અને કલ્યાણનો દૃષ્ટિકોણ રહેલો છે.

મોતીપુરા એસ.ટી. વર્કશોપમાંથી ૧.૯૩ લાખની ચોરી

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના મોતીપુરામાં આવેલ એસ.ટી.વર્કશોપમાંથી આઠેક માસ અગાઉ તેમજ ગુરૂવારે રાત્રે ત્રણ શખ્સો દ્વારા એસ.ટી.બસમાં વપરાતા વાલ્વ, એડોપ્ટર મળી રૂ. ૧.૯૩ લાખની માલસામાનની ચોરીનો મામલો વિભાગના અધિકારીને ધ્યાને આવ્યો હતો. જે અંગે એસ.ટી.વર્કશોપના આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટે શનિવારે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં બે વોચમેન સહિત ત્રણ જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એસ.ટી. વર્કશોપમાં થયેલી માલસામાનની ચોરીની ઘટના અંગે પ્રાઞ વિગત અનુસાર આજથી આઠેક માસ અગાઉ તેમજ ગુરૂવારે રાત્રે કેમ્પસમાં રખાયેલ એસ.ટી. બસમાં વપરાતા વાલ્વ, ઇકનેક્ટર તેમજ એડોપ્ટરની અજાણ્યો શખ્સ ચોરી કરી જતો હતો. જેમાં મોતીપુરાના વર્કશોપમાંથી અજાણ્યો શખ્સ પ્રાંતિજ તાલુકાના દલપુરા ગામના રહિશ સોમસિંહ બાબુસિંહ રાઠોડ અને સાગોદરાના રહિશ બી.આર. પરમારની મદદગારીથી ૩૦૯ વાલ્વ અને ઇકનેક્ટર તેમજ ૬૪૮ નંગ એડોપ્ટર ચોરીનો મામલો વર્કશોપના આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટના ધ્યાને આવ્યો હતો.

ત્યારબાદ વર્કશોપના મહિલા આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ રીટાબેને માલસામાનની ચોરીની ઘટના અંગે શનિવારે હિંમતનગરના એડીવીઝન પોલીસ સ્ટેશનમાં બે વોચમેન સહિત ત્રણ જણા વિરૂધ્ધ નોંધાવી હતી. જેથી પોલીસે રૂ. ૧.૯૩ લાખના એસ.ટી.વર્કશોપના માલસામાનની ચોરીના મામલે સોમસિંહ બાબુસિંહ રાઠોડ, બી. આર. પરમાર તેમજ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે.

ગાંધીનગર પાસેના પેથાપુરમાં આવેલ કુમાર શાળા નં. ૧ અને ૨માં પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં આંગણવાડીના ભુલકાઓની આંગળી પકડી શાળાના ઓરડામાં બેસાડવામાં આવ્યા હતા. નંદાજી ઠાકોર અધ્યક્ષ ગુજરાત ઠાકોર વિકાસ નિગમ અને સીતાબેન પટેલ પ્રમુખ પેથાપુર ન.પા.એ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે સહયોગ મંડળ ગાંધીનગરે શાળાના બાળકોને ચોપડાનું વિતરણ કર્યું હતું.

સ્કૂલમાં ભણતી કિશોરીની કાંકણોલના યુવકે છેડતી કરતા મામલો પોલીસ સ્ટેશનમાં

હિંમતનગરની એક હાઈસ્કૂલમાં ભણતી વિદ્યાર્થીનીએ શુક્રવારે પોતાના જન્મદિન પ્રસંગે કાંકણોલ ગામના યુવક મિત્રને બોલાવતા બંને જણાએ બાઈક પર સાંપડ દર્શન કરવાનો પ્લાન બનાવ્યો હતો. બાઈક પર નિકળેલા યુવકે રસ્તામાં પોતાનું બાઈક ઉભું રાખી કિશોરીની છેડતી કરતા ડઘાઈ ગયેલી કિશોરીએ શનિવારે ઘટના અંગે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં કાંકણોલના યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. હિંમતનગર નજીકના કાંકણોલ ગામની કિશોરી શહેરની એક સ્કૂલમાં અભ્યાસ કરી રહી છે. દરમિયાન કિશોરીનો શુક્રવારે જન્મદિન હોઈ તેણીએ તેના કાંકણોલ ગામે રહેતા યુવકમિત્ર ઉત્પલ ઉર્ફે બબલો સોલંકીને સ્કૂલ પાસે બોલાવ્યો હતો. દરમિયાન યુવકે કિશોરીનો જન્મ દિવસ હોઈ સાંપડ દર્શન કરવા બંને બાઈક પર સાંપડ ગયા હતા.

કાંકણોલના યુવકે રસ્તામાં પોતાનું બાઈક ઉભુ રાખી કિશોરી સાથે શારીરિક છેડછાડ શરૂ કરતા ડઘાઈ ગઈ હતી. અને બનેલ ઘટના અંગે પરિવારજનોને જાણ કરી હતી. ત્યારબાદ કિશોરીએ શનિવારે કાંકણોલના વણકરવાસમાં રહેતા યુવક ઉત્પલ ઉર્ફે બબલા સોલંકી વિરૂધ્ધ છેડતીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી યુવકની શોધખોળ હાથ ધરી છે.

સીમાંકન મુદ્દે વિવાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં વસ્તીના માપદંડને લઈ જે બેઠકોના નામમાં ફેરફાર કરાયો છે તેની સામે, ઝીક ઝેક પ્રમાણે સીમાંકન નહિ થયાનું, જિલ્લા પંચાયતની ચાર જેટલી બેઠકોમાં તા.પં.ની માત્ર ત્રણ બેઠકો સમાવવાની બાબત તેમજ રોટેશનમાં એકના એક જ બેઠક ફાળવવા સામે, સહિતના વાંધા-મુદ્દાઓ પંચાયતી અગ્રણીઓ, રાજકીય આગેવાનો દ્વારા રજુ થયા છે.

સૌથી વધુ વાંધા માણસા તાલુકા પંચાયતના સીમાંકનને લઈ રજુ થયા છે. જેની સંખ્યા ૨૯ જેટલી છે જયારે ૭ જેટલા વાંધા કલોલ તાલુકા પંચાયતના સીમાંકનને લઈ રજુ થયા છે.

જિલ્લા પંચાયતની બેઠકોમાં ભૌગોલિક સંતુલન તેમજ સામાજિક સંતુલન પણ નહિ જળવાયાના વાંધાઓ રજુ થયા છે. જિલ્લા પંચાયતની ૧૨ બેઠકો પૈકી ૪થી વધુ બેઠકોમાં ભૌગોલિક સંતુલન નહિ જળવાયાના વાંધા ઉપરાંત ચાર બેઠકોમાં તાલુકા પંચાયતની માત્ર ત્રણ ત્રણ બેઠકો સમાવી અન્યાય કરાયો હોવાના, અનામત બેઠકો મહિલાઓને જ ફાળવવાના મુદ્દે, મહિલા અનામત ફાળવણીમાં પણ અન્યાયની લાગણી અને રાજકીય વગને જ ધ્યાને લેવામાં આવી હોવાની વાતો આ વાંધાઓમાં રજુ કરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે બેઠકોના સીમાંકનમાં ત્રણેક બેઠકો ઉપર તો ઉમેદવારે બે બેઠકો પસાર કરીને તેના મતદારોને મળવા જવું પડે તેવી સ્થિતિ હોવાનું જણાવી વાંધા રજુ કરતાં જણાવાયું છે કે ભૌગોલિક સંતુલનમાં નદી નાળા કે રેલવેની લાઈનોને પણ ધ્યાને લેવામાં આવી નથી.

અનામત બેઠકોની ફાળવણીમાં પણ આડેધડ ફાળવણી કરાઈ હોવાની વાતો રજુ કરી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીની ટકાવારી જે ૫૦ ટકાથી વધુ હોવા છતાં ધ્યાને લેવાઈ નથી તેમ જણાવાયું છે. આ અંગે ગામોની વસ્તીના આંકડાઓ પણ જણાવાયા છે.

આ ઉપરાંત વસ્તીના માપદંડમાં મતદાર મંડળ નિયત કરવા માટે પણ બેવડા માપદંડ રખાયાના વાંધા રજુ કરાયા છે.

તાળાબંધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈટો કેવી રીતે દૂર થઈ શકે તે હજુ સમજાતું નથી. હર્ષજીત પંડયાએ જણાવ્યું કે ભાજપ માટે કમાઉ દિકરા જેવું મનપાનું વહીવટી તંત્ર ખાડે ગયું છે. કોઈ પણ પ્રકારની નીતિનો અમલ જ થતો નથી. સ્વચ્છતાની વાત હોય કે સોલાર લાઈટનો મુદ્દો હોય તંત્ર કયારેય કોઈ જવાબ આપતું નથી કે કામ કરતું નથી.

કોંગી કાઉન્સીલરોએ તાળુ મારી દીધાની ખબર પડતાં જ કોંગ્રેસના નેતા શ્રી ચીમન વિઝુંડા કોર્પોરેશન દોડી આવ્યા હતા તો સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલ પણ દોડી આવ્યા હતા. ભાજપના કાઉન્સીલર દેવેન્દ્રસિંહ ચાવડા સહિત અન્ય કાઉન્સીલરો શ્રી હસમુખ મકવાણા, ભાજપના નેતા ગોવિંદભાઈ પરમાર પણ આવી પહોંચ્યા હતા.

સવારે ધારાસભ્યશ્રી અશોક પટેલે કોંગી સભ્યોના રોષને થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળ થયા ન હતા. આથી તેઓ મનપાની કચેરી છોડી ગયા હતા. કાઉન્સીલરો પણ સતત ચર્ચાઓ તંત્ર સાથે કરતા રહ્યા હતા પરંતુ કોઈ જ હકારાત્મક ઉકેલ ન જણાતાં તેમણે આ અંતિમ પગલું લીધું હતું.

૩૦ મિનિટ જેટલો સમય તાળુ લાગેલું રહ્યું હતું. આ પછી દરવાજાનો નકુચો તોડી નંખાયો હતો. બીજી તરફ પોલીસને પણ જાણ કરાતાં પોલીસ પણ આવી પહોંચી હતી પરંતુ આ પછી સ્થાયી સમિતિના ચેરમેન રાકેશ પટેલ અને કમિશનર વચ્ચેની ચર્ચાને અંતે લાઈટોના જે થાંભલા દૂર થયા છે તે પુનઃ લગાવવા સહિતના મુદ્દાઓનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો.

મોડી સાંજે શ્રી હર્ષજીત પંડયાએ લોકોની લાગણીનો વિજય લેખાવતાં કહ્યું હતું કે અમારે મન વિકાસ એ જ અગ્રતા છે. રાજકીય પૂર્વગ્રહ નહિ પ્રજાને સુવિધા મળવી જોઈએ તેવું અમે સ્પષ્ટ માનીએ છીએ.

માર્ગ બંધ રહેશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે બ્રિજ નિર્માણનું કામ હાથ ધરવામાં આવ્યું છે.આ વિસ્તારમાં સ્થિત દાંડી કુટીર પણ મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. જયારે દાંડી કુટીર તેમજ મહાત્મા મંદિરને જોડતો બ્રિજ બનાવવાનુ કામ પણ ચાલી રહયું છે.જયારે આગામી દિવસોમાં આ બ્રિજ સંદર્ભે ખ માર્ગ પર કામ હાથ ધરવામાં આવશે. જેને અનુલક્ષી આગામી સોમવારથી ખ માર્ગ પર વાહનોની અવર જવર બંધ રાખવામાં આવશે.અલબત્ત ખ- ૩ થી ખ-૫ સુધીનો રસ્તો તા ૨૨ જૂન થી આગામી તા ૨૨ ઓગષ્ટ સુધી બંધ રહેશે.જિલ્લા કલેકટર દ્વારા આ અંગે જાહેરનામું પણ બહાર પાડી દેવામાં આવ્યુ છે.જયારે ખ-૩ થી રેલ્વે સ્ટેશન તરફ જવાનો રસ્તો ખુલ્લો રાખવામાં આવશે.આ જાહેરનામાના હુકમનો ભંગ કરવા બદલ કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર પગલા લેવાશે.મહાત્મા મંદિરને અનુલક્ષી હાલ ફેઈઝ બી નું કામ ગતિ હેઠળ છે.મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષીને શહેરના હાર્દસમા વિસ્તારની ઓળખ બદલાઈ ગઈ છે. જયારે પ્રોજેકટનું કામ પૂર્ણ થતા મહાત્મા મંદિર શહેરની આગવી ઓળખ બની જશે. નગરમાં આવતા મુલાકાતીઓમાં પણ મહાત્મા મંદિર આકર્ષણનુ કેન્દ્ર બન્યું છે.

ડૉ. અબ્દુલ કલામે સ્વલિખિત પુસ્તક પ્રમુખસ્વામીને અર્પણ કર્યુ

અનેક આધ્યાત્મિક અનુભવોનો પુસ્તકમાં ઉલ્લેખ : પૂર્વ રાષ્ટ્રપતિ અને ટોપના વૈજ્ઞાનિક અબ્દુલ કલામ બાપ્સ સ્વામિનારાણ મંદિરમાં દર્શન બાદ પ્રમુખસ્વામીને મળ્યા

અમદાવાદ,તા.૨૦

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ તથા પ્રખર વિજ્ઞાની ડો. અબ્દુલ કલામે પોતે લખેલ ટ્રાન્સેન્ડન્સ માય સ્પીરીચ્યુઅલ એક્સપીરીયન્સીસ વીથ પ્રમુખ સ્વામીજી અર્થતા પરાત્પર પ્રમુખ સ્વામીજી સાથેના મારા આધ્યાત્મિક અનુભવો, નામનું પુસ્તક સારંગપુર ખાતે બિરાજમાન પરમ પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજને રૂબરૂ અર્પણ કર્યું હતું. અધ્યાત્મ, વિજ્ઞાન અને નેતૃત્વના અદ્‌ભૂત સમન્વય સમા આ દળદાર ગ્રંથમાં ડો.કલામે તેઓને પ્રમુખસ્વામી મહારાજના સાનિધ્યમાં છેલ્લા ૧૪ વર્ષોથી જે દિવ્ય આધ્યાત્મિક રૂપાંતરણની વિશદ છણાવટ કરી છે.

આજે ૧૨.૩૦ કલાકે ડો. કલામ સાળંગપુર ખાતે આવેલ બાપ્સ સ્વામિનારાયણ મંદિરે પધાર્યા હતા. મંદિરમાં દર્શન બાદ તેઓ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની મુલાકાત કરવા પધાર્યા હતા. સ્વામીના નિવાસસ્થાનમાં તેમણે ખુબ જ આદરપૂર્વક પોતે લખેલ પુસ્તક ટ્રાન્સેન્ડન્સ પર પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજને અર્પણ કર્યું હતું. પુસ્તક અર્પણ કરતા પૂર્વે તેમણે સ્વામીને ગુલાબનો હાર પહેરાવ્યો હતો જ્યારે સ્વામી તરફથી પણ તેમનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. ખુબ જ ભાવપૂર્વક કલામે પુસ્તકની વિગતો તથા કેટલાક પ્રસંગો યાદ કરીને સ્વામીને સંભળાવ્યા હતા તેમજ પોતાને પુસ્તક લખવાની પ્રેરણા દિલ્હી અક્ષરધામમાં મળ્યા ત્યારથી જ અંતરમાં હતી કારણ કે મને આપના જીવનમાં દિવ્યતા, મહાનતા અને આધ્યાત્મિકતાના સંપૂર્ણ દર્શન થાય છે. તેઓ અધિક પ્રસંશા કરી રહ્યા હતા ત્યાં પ્રમુખ સ્વામીએ તેમને રોકીને જણાવ્યું હતું કે, બધુ જ ભગવાનની કૃપાથી થાય છે, આપણે કર્તા નથી. તરત જ કલામે કહ્યું કે, આપ આ રીતે અહં-મમત્વથી અલિપ્ત રહો છો તેથી જ મને આપના પ્રત્યે વધુને વધુ ભાવ જાગે છે. એમ કહીને તેમણે પ્રમુખસ્વામીનો હાથ પોતાના હાથમાં લઈને પ્રેમથી લાંબા સમય સુધી દબાવી રાખ્યો હતો. પુસ્તક અર્પણ કર્યા બાદ કલામ તથા અરુણ તિવારી તતા અન્ય મહાનુભાવો સભાગૃહમાં યોજાયેલ સભામાં પધાર્યા હતા. ધૂન, પ્રાર્થના અને કિર્તન બાદ સ્થાનિક સંતાનો વ્યક્તવ્યોમાં પ્રમુખ સ્વામી મહારાજના પ્રસંગો વર્ણવામાં આવ્યા હતા. કલામ તથા સહ લેખક તિવારી તથા હાર્પર કોલીન્સ પ્રકાશનના સીઈઓ સુકુમારને પૂ. ઈશ્વરચરણ સ્વામીએ પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ કલામ તથા પ્રમુખ સ્વામી મરાજાના ૧૪ વર્ષથી ચાલ્યા આવતા અવિરત સંબંધોનું સુંદર વિવરણ કરીને જણાવ્યું હતું કે, કલામે આ પુસ્તક લખીને વિશ્વના તમામ ધાર્મિક અને નિતિમાન લોકોનું ગૌરવ વધાર્યું છે.

વિશેષમાં તેમણે કહ્યું હતું કે, પ્રમુખ સ્વામી અંગ્રેજી નથી જાણતા જ્યારે કલામ ગુજરાતી નથી જાણતા તેમ છતાં તેમની વચ્ચે ભાવનાત્મક એકતા એવી હતી કે, જેના કારણે બંને એકબીજાને સમજી શકતા અને તેના પરિણામરુપે જ આ પુસ્તકનું નિર્માણ થયું છે. ચુનંદા તેજસ્વી યુવાનોની સભામાં કલામે જણાવ્યું હતું કે, હું હમણા જ પ્રમુખ સ્વામી મહારાજના દિવ્યસાનિધ્યનો લાભ લઈને આવ્યો છું. તેમના નિર્મળ હાસ્ય અને હૃદયની સચ્ચાઈથી આ વિશ્વમાં શાંતિની સ્થાપના થશે. પ્રમુખ સ્વામી મહારાજને મળતા જ મને દિવ્યાનુભૂતિ થઈ હતી.

મિશન મંગલમના કર્મચારીઓ આંદોલનના માર્ગે

મિશન મંગલમ, એન.આર.એલ.એમ. યોજનાના કર્ચમારીઓએ પોતાના હક મેળવવા સરકાર સામે રણશીંગુ ફુંકયું છે. કર્મચારીઓને છેલ્લા ચાર વર્ષથી મળવાપાત્ર હક્કોથી વંચિત રાખવામાં આવ્યા છે. સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે કર્મચારીઓએ ધરણા કર્યા હતા. પડતર પ્રશ્નોને લઈને મુખ્યમંત્રીને આવેદન આપવામાં આવ્યું હતું. સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાતભરમાંથી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ભગવાન પરશુરામની બિભત્સ ટીપ્પણી બદલ ગુજરાત બ્રહ્મસમાજ આવેદન પાઠવશે

ગાંધીનગર, તા. ૨૦

બ્રાહ્મણ સમાજના આરાધ્ય દેવ પરશુરામજી વિશે બિભત્સ ટીપ્પણી અને દેશદ્રોહી શબ્દનો પ્રયોગ કરી બ્રહ્મસમાજની લાગણી દુભાવવાનું કૃત્ય આચરવામાં આવ્યું છે. ત્યારે શ્રી સમસ્ત ગુજરાત બક્ષી સમાજ વિરોધના આવેદનપત્ર આપશે. તેમજ આગામી ૨૨ જૂન સોમવારે સવારે ૧૦.૦૦ વાગે સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતે મિટીંગનું આયોજન કર્યુ છે. હિન્દુ ધર્મના દેવી દેવતાનું અપમાન કરવા બદલ મુખ્યમંત્રી અને રાજ્યના પોલીસ મહાનિર્દેશકને આવા તત્વોને પકડી આકરી સજા કરવા આવેદનપત્ર આપવામાં આવશે. દરેક જિલ્લા તાલુકા તેમજ શહેરના બ્રહ્મસમાજ પ્રમુખો સહિત જ્ઞાતિજનોને ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવા સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્યના મંત્રી અશ્વિન ત્રિવેદી એડવોકેટે જણાવ્યું છે.

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા, તા. જિ. ગાંધીનગર
પ્રવેશ જાહેરાત ૨૦૧૫-૧૬ (ભાઈઓ / બહેનો માટે)

(૧) બી.એ. શારીરિક શિક્ષણ / B.A. (Physical Education) : (ધોરણ-૧૨ પછીનો ત્રણ વર્ષ ૬ (છ) સેમેસ્ટર)નો અભ્યાસક્રમ(૪૦ ટકા ગુણ જરૂરી). ભારત સરકારના આરક્ષણ નિયમપ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્યપછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીયલયરનું વર્ષ ૨૦૧૪ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે. પ્રવેશપત્ર કાર્યાલય સમય દરમિયાન રૂ. ૧૫૦/- રોકડા આપવાથી મેળવી શકાશે. પ્રવેશપત્ર ભરીને પરત કરવાની છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૫ છે. સંપર્ક : ફોન (૦૭૯)-૨૩૨૭૪૧૯,૨૩૨૭૪૦૯૯

તા. ૦૬/૦૫/૨૦૧૫ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ